યોજનાનું નામ

# રાષ્ટ્રીય પરિવાર નિયોજન કાર્યક્રમ

## યોજનાના લાભાર્થીની પાત્રતાનાં માપદંડ

મહિલા લાભાર્થી માટે લગ્ન કરેલ હોય તેની ઉંમર ૨૨ વર્ષથી ૪૯ વર્ષની વચ્ચેની હોવી જોઈએ તથા તેને એક બાળક હોવું જોઈએ અને તેની ઉંમર ૧ વર્ષથી વધારે હોવી જોઈએ. પતિનું નસબંધી ઓપરેશન ન થયેલ હોવું જોઈએ. (બે માંથી એકે આ પદ્ધતિ ન અપનાવેલ હોવી જોઈએ, તેની માનસિક અવસ્થા સારી હોવી જોઈએ.) પુરુષ લાભાર્થી માટે લગ્ન કરેલ હોય, તેની ઉંમર ૬૦ વર્ષથી નીચે હોવી જોઈએ તથા એક બાળક હોવું જોઈએ અને તેની ઉંમર ૧ વર્ષથી વધારે હોવી જોઈએ. લાભાર્થીની પત્નીનું ઓપરેશન ન થયેલ હોવું જોઈએ (બેમાંથી એકે આ પદ્ધતિ ન અપનાવેલ હોવી જોઈએ, તેની માનસિક અવસ્થા સારી હોવી જોઈએ.)



## યોજના અંતર્ગત સહાય / લાભ

નીચે મુજબ

| વિગત | લાભાર્થીને રોકડ સહાય | મોટીવેટર |
|---|---|---|
| વાઝેક્ટોમી (દરેક) | ૨,૦૦૦ | ૩૦૦ |
| ટ્યુબેક્ટોમી સ્ત્રી વ્યંધીકરણ | ૧,૪૦૦ | ૩૦૦ |
| ટ્યુબેક્ટોમી સ્ત્રી વ્યંધીકરણ (પ્રસુતિ બાદ ૭ દિવસમાં કરાવે તે માટે) | ૨,૨૦૦ | ૩૦૦ |

## યોજનાનો લાભ મેળવવા માટેની પદ્ધતિ

આ યોજનાનો લાભ લેવા માટે ઓપરેશન વખતે ફોર્મ ભરવાનું હોય છે.

## યોજનાનો લાભ ક્યાંથી મળશે.

કુટુંબ કલ્યાણ પદ્ધતિનું ઓપરેશન કરાવે ત્યારે જિલ્લા આરોગ્ય તંત્ર દ્વારા ઓપરેશન કરાવનાર લાભાર્થીને રોકડ સહાય આપવામાં આવશે.